આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુ. જનજાતિના વિધાર્થીઓ માટે ૮ (આઠ))નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ શરૂ કરવા અંગે (૨૦૦૬-૦૭)..

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : અમશ/૧૫૦૫/ન.બા.૩/ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 30 MAR 2007

વંચાણે લીધા :-

૧. આદિજાતિ વિકાસ વિભાગના તાઃ૨૫/૧૧/૮૮ના ઠરાવ ક્રમાંકઃઅમશ/ ૧૪૮૮/૬૬૫/ગ
૨. આદિજાતિ વિકાસ વિભાગના તાઃ૨૧/૧૨/૦૬ ઠરાવ ક્રમાંકઃઅમશ/ ૧૫૦૫/ન.બા.૩/ઘ
૩. કમિશ્નરશ્રી,(આ.વિ)ના તાઃ૧/૧૨/૦૫ના પત્ર ક્રમાંકઃઆવિ/આશા/૨/૦૫/૦૬/૫૧૩૦-૫૧૩૧

ઠ રા વ :-

અનુ.જનજાતિના ધોરણ-૮ થી ધોરણ-૧૦માં અભ્યાસ કરતા બાળકો માટે રહેવા અને જમવાની સગવડ સાથે ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. અનુ. જનજાતિના વિધાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના વિસ્તારમાં ૮ (આઠ) નવી સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ શરૂ કરવા વિભાગ-૧ ની રૂપિયા ૧૬૩.૪૧ લાખની નવી બાબતનો નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવ્યો છે .આમુખ ક્રમાંક(૨) જણાવેલા તાઃ૨૧/૧૨/૨૦૦૭ના ઠરાવથી અનુ.સુચિત જનજાતિના વિધાર્થીઓ માટે પાંચ (પાંચ) નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ શરૂ કરવાની બાબતને મંજૂરી આપવામાં આવેલ છે. બજેટ જોગવાઇ પ્રમાણે અનુસચિત જનજાતિના વિધાર્થીઓ માટે ૮(આઠ) નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓને મંજૂરી આપવાની બાબત વિભાગની સક્રિય વિચારણા હેઠળ હતી પુખ્ત વિચારણાના અંતે અનુસુચિત જનજાતિના વિધાર્થીઓ માટે કુલ -૮ (આઠ) નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ શરૂ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે. આ અંગે નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭ ના અંદાજપત્રમાં કરવામાં આવેલી રૂપિયા ૧૬૩.૪૧ લાખની જોગવાઇમાંથી ખર્ચ કરવાની મંજૂરી આપવાંમાં આવે છે.

૨. અનુસુચિત જનજાતિની ૮ (આઠ) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે શાળા દીઠ નીચે દર્શાવેલ મહેકમને મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા (એક આશ્રમશાળા માટે) | આઠ આશ્રમશાળા માટે મહેકમ | પગાર ધોરણ | જગા ભરવાની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | આચાર્ય | ૧ | ૮ | ૬૫૦૦ - ૧૦૫૦૦ | ના.વિ.ના તા:૧૬/૨/૨૦૦૬ના તથા તા:૧/૮/૦૬ના ઠરાવ મુજબ રૂા. ૪૫૦૦ના માસિક ફીકસ પગારથી ભરવાની રહેશે. |
| ૨ | શિક્ષણ સહાયક | ૧ | ૮ | ૪૦૦૦-૬૦૦૦ | શિક્ષણ વિભાગના તા: ૨/૭/૯૯ના ઠરાવ ક્ર: બમસ/૧૧૯૯/૭૪૧/(૨) ગુ. અનુસાર રૂા.૪૦૦૦માં દર્શાવેલ ફીકસ પગારથી નાણાં વિભાગના તા:૧૬/૨/૦૬,તા:૧/૮/૦૬ના ઠરાવની શરતો અને જોગવાઈઓ ધ્યાને લઈ ભરવા ની રહેશે. |
| ૩ | પટાવાળા | ૧ | ૮ | ૧૫૦૦ ફીકસ પગારથી | સામાન્ય વહીવટ વિભગના તા:૩૦/૧૧/૦૬ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ આઉટ સોર્સીંગથી ભરવાની રહેશે. |
| ૪ | રસોયા | ૧ | ૮ | ૧૫૦૦ ફીકસ પગારથી | સામાન્ય વહીવટ વિભગના તા:૩૦/૧૧/૦૬ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ આઉટ સોર્સીંગથી ભરવાની રહેશે. |
| | | | | | |
| | કુલઃ- | ૪ | ૩૨ | | |

ઉપરોક્ત જગાઓ નીચે દર્શાવેલ શરતોને આધિન ભરવાની મંજુરી આપવામાં આવે છે.

૧ આ ફીકસ પગાર થી ભરવાની થતી જગ્યાઓ વખતે નાણાં વિભાગના તા:૧૬/૨/૦૬,તા: ૧/૮/૦૬ના સરખા ક્રમાંકના ઠરાવ ક્રમાંકઃ ખરચ/ ૨૦૦૨/૫૭/ઝ-૧ ના ઠરાવોની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨ સીધી બઢતી / ભરતી થી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમ પ્રમાણે સીધી ભરતી / બઢતીના ફાળે આવતી હોવાની શરતે તે રીતે ભરવા મંજુરી આપવામાં આવે છે.

૩ આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે.

૪ આ જગ્યાઓ ઉપર ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રર્વતમાન ભરતી નિયમો, નીતિ નિયમોની જોગવાઇ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૫ આ જગ્યાઓનો ખર્ચ તા:૧/૪/૦૭ પછી કરવાનો રહેશે.

૩. નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ યોજનાની મુળ પેટર્ન પ્રમાણે શરૂ કરવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૬, મુખ્ય સદર -૨૨૨૫ અનુ. જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગનું કલ્યાણ (ચાલુ) પેટા મુખ્ય સદર -૦૨- અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ ,ગૌણ સદર -૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના,પેટાસદર બીસીકે-૧૭૯ આશ્રમશાળાઓ વિગતવાર સદર સહાયક અનુદાન (ગ) અન્યને : હેઠળ થયેલી જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અગ્રસચિવશ્રી ખર્ચ,નાણાં વિભાગની તા:૩૦/૩/૦૭ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
અગ્રસચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી
અગ્રસચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર
સર્વે નાયબ સચિવશ્રીઓ, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરશ્રી, ગુજરાત રાજય અમદાવાદ/ રાજકોટ
નિયામકશ્રી,હિસાબી અને તિજોરી જુના સચિવાલય, ગાંધીનગર.
નાણાં શાખા, આદિજાતિ વિકાસ ૬/૧૧,સચિવાલય, ગાંધીનગર.
સર્વે શાખાઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
સિલેકટર ફાઇલ,
**AMS-1505-1649-GH-2**